Re-Accredited B++ 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388358
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોનું સંચાલન કરતી કોલેજો અને અનુદાનિત કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર ડિવિઝનોની જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન નવા/ચાલુ/ક્રમશઃ જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિની શરતો સાથેની ભલામણ ને યુનિવર્સિટી અધિકાર મંડળ દ્વારા મંજૂરી, જે શરતોને આધિન આપવામાં આવે છે, તે તમામ શરતોનું પરિપાલન કર્યાના આધારની પ્રમાણિત નકલ શિક્ષણ વિભાગની તા.૨૧/૧૨/૨૦૦૧ ના રોજ ઠરાવ ક્રમાંકઃ યજન–૧૦૨૦૦૧–(૨૮)–ખ.૧. ની માર્ગદર્શિકા કે જે યુનિવર્સિટી વેબસાઈટ પર ઉપલબ્ધ છે તે માર્ગદર્શિકા ના (૧) યુનિવર્સિટીએ કરવાની કામગીરીના પાના નંબર (૬) પર દર્શાવેલ ક્રમાંક(૯) મુજબ નવા/ચાલુ /ક્રમશઃ જોડાણની શરતોના યથાર્થ પરિપાલન થાય ત્યાર બાદ કારોબારીમાં રજૂ કરી જોડાણનું જાહેરનામું બહાર પાડયા ના ઠરાવ મુજબ કરવા સાથે જે તે શૈક્ષણિક વર્ષ શરૂ થયેથી રાજય સરકારને ચાર માસમાં દરખાસ્તની જોગવાઈ મુજબ જોડાણની દરખાસ્ત કરવાની છે. આપની કોલેજમાં ચાલતાં સ્વનિર્ભર પ્રોગ્રામની શરતોનાં પરિપાલનની દરખાસ્ત નિયત સમયમાં કરી શકાય તે સારુ શૈક્ષણિક વર્ષ શરૂ થયેથી ત્રણ(૩) માસ માં યુનિવર્સિટીને જોડાણની શરતોનું પરિપાલન કરવાના આધાર પુરાવા યુનિવર્સિટી કાર્યાલયના જોડાણ વિભાગમાં જમા કરાવવાની જાણ કરવામાં આવે છે, જેથી જાહેરનામા ની દરખાસ્ત રાજય સરકાર ને નિયમાનુસાર નિયત સમયમાં કરી શકાય.

યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમનું સંચાલન કરતી કોલેજો દ્વારા શરતોનું પરિપાલન શિક્ષણ વિભાગની ઉપર મુજબની માર્ગદર્શિકા મુજબ કરવામાં આવતી ન હોવાનું યુનિવર્સિટીને ધ્યાને આવેલ છે, તેની જાણ સાથે સ્વનિર્ભર પ્રોગ્રામની જે કોલેજો દ્વારા જોડાણ સંબધિત શરતોનું પરિપાલન શિક્ષણ વિભાગની માર્ગદર્શિકા મુજબ ની સમય અવધિમાં કરવામાં ન આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોલેજના આચાર્યશ્રી/ ઈ.ચા.આચાર્યશ્રી અને કોલેજ ટ્રસ્ટની રહેશે અને રાજય સરકારશ્રીના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી અથવા શિક્ષણ વિભાગ દ્વારા કોલેજના પ્રોગ્રામના જોડાણ બાબતે જે નિર્ણય કરવામાં આવશે તે નિર્ણય જે તે કોલેજને બંધનકર્તા રહેશે તેની આથી જાણ કરવામાં આવે છે.

કુલસચિવ

ક્રમાંકઃ જોડાણ/૧૫૭૩૨/૨૦૨૪
તારીખઃ ૨૦/૦૭/૨૦૨૪

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન નવા/ચાલુ/ક્રમશઃ/નવું જોડાણ ધરાવતી તમામ સ્વનિર્ભર કોલેજનાં આચાર્યશ્રી/ઈ.ચા.આચાર્યશ્રી અને ટ્રસ્ટીશ્રી.....જાણ તથા માર્ગદર્શિકા મુજબ શરત પરિપાલનનો ચુસ્તપણે પાલન કરવા સારૂ.

**નકલ સવિનય રવાનાઃ–**
**નિયામકશ્રી,**
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જૂના સચિવાલય, ગાંધીનગર–૩૮૧ ૦૧૦.